# વણકર સમાજની મહારેલી યોજાઈ





(તસવીર : દિપક જાની)

## ગાંધીનગર રેન્જમાંથી ઉતારવામાં આવેલી પોલીસના લોખંડી બંદોબસ્ત વચ્ચે સત્યાગ્રહ છાવણી ખાતે બે હજારથી વધુ લોકોએ મંત્રીના નામે હુરીયો બોલાવ્યો : પ્રતિબંધીત વિસ્તારમાં રેલી નિકાળતા ૨૫૪ લોકોની અટકાયત

ગાંધીનગર, તા. ૨૫

વણકર સમાજ દ્વારા આજે ગાંધીનગર શહેરના સેકટર-૯ સત્યાગ્રહ છાવણી ખાતે સભા સંબોધ્યા બાદ રેલી યોજવામાં આવી હતી. રેન્જ વિસ્તારમાંથી પોલીસનો ઉતારી દેવાયેલો કાફલો ચુસ્ત બંદોબસ્ત કરી રહ્યો હતો તેની વચ્ચે વણકર સમાજે તેમના ભવન બનાવવાની માંગણી પુરી કરવા ભવ્ય રેલી યોજી હતી. પ્રતિબંધિત વિસ્તારમાં રેલી નીકાળવામાં આવતા પોલીસે ૨૫૪ લોકોની અટકાય કરી લીધી હતી.

ગાંધીનરમાં વણકર સમાજ દ્વારા ભવ્ય રેલી યોજાવાની હોવાની જાહેરાતથી ગાંધીનગર શહેરને વહેલી સવારથી જ પોલીસથી ઘેરી લેવામાં આવી હોય તેમ ઠેર ઠેર પોલીસ ખડકી દેવામાં આવી હતી. ગાંધીનગર રેન્જમાંથી સંખ્યાબંધ પોલીસને સવારથી જ બંદોબસ્તમાં તૈનાત કરી દેવામાં આવ્યા હતા. તે ઉપરાંત રેલી ઉગ્ર ન બને અને કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે પોલીસને પણ બીનજરુરી ઘર્ષણ ટાળવા પહેલેથી જ સુચના આપી દેવામાં આવી હતી. આજે સવારે સભામાં મંત્રી રમણલાલ વોરાના નામે હુરીયો બોલાવ્યા બાદ બપોરે રેલી કાઢવામાં આવી હતી. પોલીસ હરકતમાં આવતા જ વણકર સમાજના સભ્યોએ ધરપકડ વ્હોરી લીધી હતી. પોલીસે પ્રતિબંધિત વિસ્તારમાં ઘુસેલી રેલીના ૨૫૪ લોકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમ દરમિયાન સદનસીબે કોઈ ઘર્ષણ પણ થવા પામ્યું ન હતું.

### ખૂણે... ...ખાંચરેથી

- સે-૮ની ગોકુલ સોસાયટીના રહીશોએ આજે સાંજે સ્નેહમિલન સાથે તેજસ્વી છાત્રોના સન્માનનો એક સમારોહ યોજયો હતો.
- સે-૨ ૩માં આવેલ આરંભ અને આંગન ફલેટના રહીશોએ પણ સમૂહ ભોજન રોટલા, કઢી, ખીચડીને શાકનું માણ્યું હતું.
- ગાંધીનગર તાલુકાના સોનારડા ગામે નારદીપુર ગ્રામ વિદ્યાપીઠની બાળાઓનો એન.એસ.એસ. કેમ્પ આરંભાયો છે.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો માટે આજથી જાણીતા કલાકાર મનોજ જોશીનું નાટક 'મન મળે ત્યાં મેળો'નો શો યોજાઈ રહ્યો છે.
- ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ખાતે આજે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક માટે તેમજ શુક્રવારે ગાંધીનગર લોકસભા બેઠક માટે કાર્યકરોની સુનાવણી યોજાશે.


# ચિલોડાનાં તળાવમાં સ્કૂલવાન ખાબકી : બાળકોનો અદ્દભૂત બચાવ

## મારૂતીવાનનો કાચ તોડીને ૮ બાળકોને મોતના મ્હોંમાંથી બહાર કાઢવામાં આવ્યા : વહેલી સવારે બાળકોની ચિચિયારીઓ સાંભળીને આસપાસના રહીશો તળાવ પાસે દોડી આવ્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીકના શિહોલી તથા મહુન્દ્રા ગામમાં રહેતા અને ગાંધીનગર શહેરની એક ખાનગી શાળામાં અભ્યાસ કરતાં નાના-નાના ભુલકાંઓને સ્કુલવાનમાં ગઈ કાલે વહેલી સવારે શાળાએ લવાઈ રહ્યા હતા તે દરમિયાન ચિલોડા ખાતેનાં ઉંડા તળાવમાં આખી સ્કુલવાન ખાબકી જતાં તમામ ભુલકાઓના જીવ તાળવે ચોંટી ગયા હતાં. બાળકોની દર્દનાક ચીસો સાંભળીને તળાવને અડીને આવેલી સોસાયટીના રહીશો તાત્કાલિક તળાવ પાસે આવી પહોંચ્યા હતા અને મારૂતિવાનનો કાચ તોડીને ૮ બાળકોને આબાદ રીતે બચાવી લેવામાં આવ્યા હતાં.

મંગળવારે વહેલી સવારે સ્કુલ વર્ધી મારતી મારૂતી વાન નં. જીજે-૧-એ.પી. ૧૬૪૫નો ચાલક ચિલોડા તથા આસપાસના ગામમાં રહેતા વિદ્યાર્થીઓને લેવા ફેરો મારી રહ્યો હતો. શિહોલી અને મહુન્દ્રા ગામમાંથી ૮ થી ૧૦ વર્ષના આઠેક વિદ્યાર્થીઓ ભરીને ચિલોડા ખાતેની સોસાયટી તરફ પહોંચ્યો હતો ત્યાંથી બીજા બે બાળકો ગાડીમાં ભરવાનાં હતાં.ચિલોડાના પ્રવેશદ્વારે જ આવેલી પંચવટી સોસાયટી પાસે મારૂતીવાનના ચાલકે વાન રીવર્સ લગાવીને પાછો ફેરો કરવા સ્ટીયરીંગ ફેરવ્યું..! સોસાયટીની સામે જ એક મોટું ઉંડું તળાવ છે. આ તળાવમાં સ્કુલવાન રીવર્સ


(તસવીર : નટુભાઈ પટેલ, લિચોડા)

દરમિયાન ઉતરી ગઈ...! અડધે સુધી મારૂતિવાન તળાવમાં ગબડીને ઉતરી ગઈ ત્યાં એક તુટેલા ઝાડનું થડ આડુ આવી જતાં મારુતિ વાન ત્યાં ફસાઈ ગઈ હતી. તુટેલા ઝાડનું થડ સ્કુલવાનમાં બેસેલા ભૂલકાઓ માટે ભગવાન સ્વરૂપ સાબિત થયું. જો થડ ન હોત તો કદાચ સ્કુલવાન ૨૦ ફુટ ઊંડા તળાવના પાણીમાં હોત અને ખુબ મોટી દુર્ઘટના બની ગઈ હોત...! ફસાઈ ગયેલા બાળકોએ બુમાબુમ કરતા પંચવટી સોસાયટીના રહીશો તાબડતોબ દોડી આવ્યા હતા અને સ્કુલવાનનો પાછળના ભાગનો કાચ હાથથી મુક્કા મારી મારીને તોડી નાંખ્યા બાદ એક પછી એક આઠેય બાળકોને મોતના મ્હોમાંથી બહાર કાઢી લીધા હતાં...! જો કે આ ઘટનામાં સદભાગ્યે કોઈ જ જાનહાની થવા પામી ન હતી. પરંતુ એકાએક વાન તળાવમાં ઉતરી જવાથી લોખંડની સીટો વિદ્યાર્થીઓને વાગી હતી જેથી નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. આ બનાવ અંગે કોઈ વાલીએ પોલીસ ફરિયાદ પણ નોંધાવી ન હતી.

# '...અહીં પાટલી પર બેસાડી છે' પરમિશન માટે આવે ત્યારે જોજો...!!

## સર્કસના ઓપનિંગ શો માં અગ્રીમ જગ્યા ન મળતા મહિલાએ કોલ કર્યો...!!

ગાંધીનગર, તા. ૨૫

અહીં તો પાટલી પર બેસાડે છે... પરમિશન માટે આવે ત્યારે જરા



(તસવીર : કશ્યપ નિમાવત)

જોજો...!! સર્કસના ઓપનિંગ શો દરમિયાન મોડે મોડેથી એન્ટ્રી લીધા બાદ એક મહીલાએ ફોન કરીને આવો કાંઈક બળાપો કાઢયો હતો! પાટનગર હોવાના નાતે વી.આઈ.પી. દબદબો ધરાવતી માનસિકતા અફસરો અને નેતાઓના પરિવારજનોમાં પણ ઘર કરી ગઈ છે!! એકબાજુ શહેરમાં ટીકીટ શોનું અસ્તિત્વ સાવ ભૂંસાઈ રહ્યું છે. ત્યારે કોમ્પ્લીમેન્ટ્રી પાસની વાત હવે 'સ્ટેટસ સિમ્બોલ' સમાન બની ગઈ છે. શિક્ષિત અને પ્રબુદ્ધ નાગરિકોનો વસવાટ ધરાવતા નગરમાં વી.આઈ.પી. મેનિયાક બનતા નાગરિકોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. રાજકીય દબદબા અને વહીવટી કાર્યભારથી ધમધમતા ગાંધીનગરમાં ગાંધી જેવી સાદગી નામ સુધ્ધાંએ જોવા મળતી નથી. પરંતુ રુઆબી મિજાજ વચ્ચે વી.આઈ.પી. હોવાનો પારો ઉંચે ચઢી રહ્યો છે. કાર્યક્રમો અને સભા સમારંભોમાં પ્રથમ હરોળમાં સ્થાન મેળવવાનું જાણે હવે માત્ર શોભારૂપ બની ગયું છે. આવા સંજોગોમાં કાર્યક્રમના સ્થાને મોડા પહોંચી પાછલી હરોળમાં ધકેલાતા વી.આઈ.પી. 'મેનિયાક'નું મોં ઘણી વાર વંકાય છે. આ મનોદશાને તાદશ્ય કરતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મંગળવારે સર્કલના ઓપનિંગ શોમાં પણ એક મહીલાને જગ્યા હોવાથી પાછળ પાટલી પર બેસવાની ફરજ પડી હતી. આ જ વેળાએ મહિલાઓ પોતાના મોબાઈલ પર કોલ કરીને સુણાવી દીધું હતું કે અહીં તો પાટલી પર બેસાડે છે...! પરમિશન માટે આવે ત્યારે જોજો જરા...!!

# ગીફટસિટીને જોડતા સિગ્નેચર બ્રિજનું કામ માર્ચ ૨૦૧૫માં પૂર્ણ થશે

## સમગ્ર રાજયમાં પ્રથમ નમૂનારૂપ બ્રિજ બાંધવા ૯૦ કરોડનો ખર્ચ : અમદાવાદથી ચિલોડા માટે વાયા ગાંધીનગર જવું નહીં પડે

ગાંધીનગર, તા. ૨૪

રાયસણ ઈન્સ્ટીટયૂટથી ગીફટસીટીને જોડતા સિગ્નેચર બ્રિજનું કામ પ્રગતિ હેઠળ છે. રાજયમાં આ પ્રકારનો પ્રથમ નમૂનારૂપ બ્રિજ બાંધવામાં આવી રહ્યો છે. આ બ્રિજ નિર્માણ માટે રૂ. ૯૦ કરોડનો તોતિંગ ખર્ચ કરવામાં આવશે. સિગ્નેચર બ્રિજ અસ્તિત્વમાં આવ્યા બાદ અમદાવાદથી ચિલોડા તરફ જવા માટે પણ વાયા ગાંધીનગર જવું નહીં પડે.

રાયસણ વિસ્તારમાં આકાર લેતા ગીફટ સીટીના પ્રોજેકટના લીધે નગરની આગવી ઓળખ ઉભી થનાર છે. હાઈટેક બનતા આ વિસ્તારમાં વિકાસના નવતર અભિગમ સાથે ટેકનોલોજીના ક્ષેત્રે નવા આયામો કાર્યાન્વિત થશે. ગીફટ સીટીમાં સ્થિત તોતિંગ ટાવરો અને હાઈપ્રોફાઈલ કેમ્પસના લીધે ન્યૂ ગાંધીનગરમાં એક નવું નજરાણું ઉભું થઈ રહ્યું છે. બીજી તરફ આ વિસ્તારમાં સિગ્નેચર બ્રિજ બાંધવાનું કામ પણ પૂરજોશમાં ચાલી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા કલેકટર કચેરી આઈએસઓ મેળવવા આતુર

## આઈએસઓ ની કસોટી પહેલાં પ્રી. ઓડિટમાં ૨૦ જેટલી ત્રુટીઓ જણાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર કલેકટર કચેરીએ આઈએસઓ પ્રમાણપત્ર માટે કરેલી અરજીના પ્રિ-ઓડિટમાં ૨૦થી પણ વધુ ત્રુટીઓ બહાર આવી છે.

ગાંધીનગર કલેકટર કચેરીએ આઈએસઓ પ્રમાણપત્ર માટે પોતાની દરખાસ્ત દિપાવલી પર્વ દરમિયાન જ કરી હતી. આ પછી હાલ ચાલી રહેલા પ્રિ-ઓડિટમાં જિલ્લા તંત્રને ૨૦ જેટલી ત્રુટીઓ હોવાનો પ્રાથમિક અહેવાલ આપવામાં આવ્યો છે.

જિલ્લા કલેકટર કચેરી દ્વારા પ્રિ-ઓડિટમાં જે ત્રુટીઓ દર્શાવવામાં આવી છે તે પૈકી ૧૮ જેટલી ત્રુટીઓ તો તાત્કાલિક અસરથી દૂર કરી દેવામાં આવી છે અને એક બે ત્રુટીઓ જે છે તે આગામી સપ્તાહના અંત સુધીમાં દૂર કરી દેવાશે તેમ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

આઈએસઓ પ્રમાણપત્ર માટે દરેક કર્મચારી અને શાખામાં પ્રતિજ્ઞાનું બોર્ડ લગાવવાનું હોય છે એટલું જ નહિ આ માટે સંકલ્પ બધ્ધતા પણ વ્યકત કરવાની હોય છે. તંત્ર દ્વારા દરેક શાખામાં ગુજરાતી તેમજ અંગ્રેજીમાં આવા પ્રતિજ્ઞાપત્રો લગાવી દેવામાં આવ્યા છે.

સર્વજન સુખાય અંતર્ગત આ પ્રતિજ્ઞામાં પારદર્શીતા તેમજ સીટીઝન ફ્રેન્ડલી સર્વીસીઝ અને સંતોષનો મુદ્રા લેખ વ્યકત કરવામાં આવ્યો છે.

હકારાત્મક વહીવટીય અભિગમનો સંદેશ આપતા પ્રતિજ્ઞાપત્રમાં જુદી જુદી પાંચથી છ પ્રતિજ્ઞાઓનો સમાવેશ થાય છે. તંત્ર દ્વારા કર્મચારીઓ અને અધિકારીઓને તાલિમ આપવાના કાર્યક્રમો પણ સઘન બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ઘણી બધી બાબતો વહીવટીય હોવાથી તેમાં કેટલાક મહત્વના સુધારાઓ પણ અમલ બની ગયા છે. જેમ કે રજીસ્ટ્રી ઓનલાઈન, કોમ્પ્યુટરાઈઝડ લાયસન્સ પ્રથા, બારકોડેડ રેશનકાર્ડ વિતરણ વ્યવસ્થા સહિતની બાબતોનો સમાવેશ થાય છે. તંત્રના વહીવટીતંત્રમાં કોમ્પ્યુટરાઈઝેશનને પણ અગ્રતા આપવામાં આવી છે. સ્વચ્છતા અને અન્ય કેટલીક સામાન્ય બાબતો પર વધુ ભાર મુકવામાં આવી રહ્યો છે.

### સમદર્શન આશ્રમ ખાતે પૂજય ગુરૂમાની અમૃત વાણી

## પૃથ્વી પર ભગવાનનો દેહાવતાર દુષ્ટોનો નાશ અને ધર્મની રક્ષા માટે લીધો

પૂ. ગુરૂમાએ ભારતવર્ષમાં ત્રેતાયુગમાં થઈ ગયેલા સૂર્યવંશના રાજાઓની તથા દ્વાપરયુગમાં થઈ ગયેલા ચંદ્રવંશના રાજાઓની કથા સંભળાવી હતી. જેમાં ક્રમશઃ મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્રજીએ તથા પૂર્ણ



પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાને અવતારો ધારણ કર્યા હતા. બપોર પછીની કથામાં પૂ. ગુરૂમાએ વિસ્તારથી ઈશ્વાકુ વંશમાં જન્મેલ ભગવાન શ્રી રામની કથાનું નિરુપણ કર્યું હતું. પવિત્ર મધુમાસ (ચૈત્ર) સુદ-૯ મંગળવાર અભિજિત નક્ષત્રમાં બપોરના ૧૨ વાગે શ્રી રામનો જન્મ થયો તેની ઉજવણી સુંદર સંગીતમય ધૂનો સાથેના ઉલ્લાસભર્યા વાતાવરણમાં થઈ હતી. ચારેય ભાઈઓની બાળલીલા, ગુરૂકુળમાં અભ્યાસ, વિશ્વામિત્ર ઋષિના આશ્રમે યજ્ઞસમયે ધર્મરક્ષા, યજ્ઞમાં વિઘ્ન કરનાર રાક્ષસોનો વધ તથા તેમનો મોક્ષ, અહલ્યા ઉધ્ધાર, મિથિલા નગરીમાં સ્વયંવરમાં જનકદુલારી સીતા સાથે રામનાં તથા જનકવિદેહીની અન્ય ત્રણ પુત્રીઓ સાથે અનુક્રમે લક્ષ્મણ, ભરત તથા શત્રુઘ્નનાં લગ્નની કથા વર્ણવાઈ હતી.

ત્યારપછી રામને રાજગાદીએ બેસાડવાનું નિયત થયા પછી કૈકેયીનાં

● અનુસંધાન પાન-૭ પર

પરાગ પટેલ (જાંબુ) મો. ૭૫૧૧૫૮૫૨૭૭
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
DT
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500 TMT BARS - ISI
ડિસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેકસ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com